# કપડવંજ કેળવણી મંડળ સંચાલિત
# શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ માટે

## જોઈએ છે

કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ સંચાલિત શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ, (ગ્રાન્ટ ઈન એઈડ) – કપડવંજને, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૭૦૪-૦૬, તારીખ: ૨૩-૦૯-૨૦૨૫ થી નીચેની બિન શૈક્ષણિક વર્ગ ૩ ની જગ્યાઓ ભરવા NOC મળેલ છે. નીચે જણાવેલ ખાલી જગ્યાની ભરતી કરવા માટે નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. જગ્યાની ભરતી સંબંધિત જરૂરી વિગતો તથા અરજીનો નિયત નમૂનો કપડવંજ કેળવણી મંડળની વેબસાઇટ https://kkmtrust.org તથા કોલેજની વેબસાઇટ https://kpdjac.org પર મુકેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ ખાલી જગ્યા | કેટેગરી | લાયકાત | વયમર્યાદા |
|---|---|---|---|---|---|
| ૦૧ | જુનિયર ક્લાર્ક | ૦૧ | ઓપન | સરકારશ્રીના ધારા ધોરણો મુજબ જે તે વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી, ગુજરાત રાજ્ય સરકારની માન્ય સંસ્થાની કોમ્પ્યુટરની પરીક્ષા પાસ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર |
| ૦૨ | સિનિયર ક્લાર્ક | ૦૧ | ઓપન | સરકારશ્રીના ધારા ધોરણો મુજબ જે તે વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી, ગુજરાત રાજ્ય સરકારની માન્ય સંસ્થાની કોમ્પ્યુટરની પરીક્ષા પાસ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર |

સદર જગ્યા સરકારશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તથા સામાન્ય વહિવટી વિભાગ તથા નાણાં વિભાગનાં વખતો વખતના જે તે સંવર્ગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરતી કરવામાં આવશે. નિમણૂક પામેલ ઉમેદવારોને પાંચ વર્ષ માટે ફિક્સ પગાર ચૂકવવામાં આવશે. ત્યારબાદ સમીક્ષા કર્યા પછી નિયમોનુસાર પગારધોરણ લાગુ પડશે. નિમણૂક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા. ૨૩/૦૯/૨૦૨૫ થી મળેલ NOCમાં દર્શાવેલ તમામ શરતો બંધનકર્તા રહેશે. અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી અને પ્રમાણપત્રોની નકલ વગરની અરજી તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે. ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી.દ્વારા અરજી મળી રહે તેમ મોકલવાની રહેશે. અરજી સાથે પોતાના સરનામાવાળું ૯' X ૪' ઈંચનું ખાલી કવર તથા રૂ. ૪૦/- ની ટપાલ ટીકીટ લગાવી અને બિન અનામત કેટેગરીનાં ઉમેદવારોએ રૂ. ૧૦૦૦/- અને અનામત કેટેગરીનાં ઉમેદવારોએ રૂ. ૮૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ (નોન રિફંડેબલ) KAPADWANJ KELAVANI MANDAL ના નામનો DD અવશ્ય સામેલ રાખીને મંત્રીશ્રી, કપડવંજ કેળવણી મંડળ, એસ.સી.દાણી કેમ્પસ, ડાકોર રોડ, મુ.પો કપડવંજ-૩૮૭૬૨૦, જી.ખેડા. સરનામે મોકલી આપવાનો રહેશે.

# કપડવંજ કેળવણી મંડળ સંચાલિત
# શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજ

સરનામું : મંત્રીશ્રી, **કપડવંજ કેળવણી મંડળ**
એસ.સી દાણી કેમ્પસ, ડાકોર રોડ,
મુ.પો.કપડવંજ
જી-ખેડા, તા-કપડવંજ-૩૮૭૬૨૦
વેબસાઇટ એડ્રેસ : **(1) https://kpdjac.org (2) https://kkmtrust.org**

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર ધ્વારા તા.૨૩/૦૯/૨૦૨૫ ના પત્રથી મળેલ જુનિયર ક્લાર્ક અને સિનિયર ક્લાર્કની એન.ઓ.સી. અન્વયે નીચે મુજબની કેટેગરીના ઉમેદવારો પાસેથી વેબસાઈટ પર મુકેલ નિયત નમુના મુજબની અરજીઓ, યોગ્યતાના આધારોની સ્વયંપ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી મંડળના ઉપરોક્ત સરનામે દિન – ૧૫ માં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી રજુ કરવા જણાવવામાં આવે છે.

## ૧. સંવર્ગવાર જગ્યાની વિગતો:

| અનુ. નં | કોલેજનું નામ | જગ્યાનું નામ | NOC ક્રમાંક | કુલ ખાલી જગ્યા | કેટેગરી |
|---|---|---|---|---|---|
| ૧ | શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજ | જુનિયર ક્લાર્ક | **કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૭૦૪-૦૬ તા.૨૩/૦૯/૨૦૨૫** | ૦૧ | **ઓપન - ૦૧** |
| | | સિનિયર ક્લાર્ક | | ૦૧ | **ઓપન - ૦૧** |

## ૨. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

- માન્ય યુનિવર્સીટી માંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવાવર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો,૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની
- કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનુ પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.
- રાજ્ય સરકારના નિયમો મુજબ વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.
- અનામત કેટેગરીના ઉમેદવારોએ જાતિનો દાખલો બિડાણ કરવાનું રહેશે.
- એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પુર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજુર થયેલ લધુત્તમ પગાર ધોરણમાં નિમણુક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઇ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભો મળવાપાત્ર રહેશે નહી.

- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.

- નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તારીખ–૨૩/૦૯/૨૦૨૫ થી મળેલ એન.ઓ.સી. ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
- અધુરી વિગતોવાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા નક્કી કરેલ ભરતીનાં નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવામાં આવશે.
- ઉમેદવારોએ જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યાનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.
- ઉપરોક્ત વેબ સાઈટ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની આગામી માહિતી પુરી પાડવામાં આવશે જેથી અવારનવાર ઉમેદવારઓએ વેબ સાઇટ જોતા રહેવુ.
- ઉમેદવાર એકથી વધુ કેટેગરી વાળી જગ્યા પર અરજી કરે ત્યારે ઉમેદવારે લેખિત પરીક્ષામાં મેળવેલા ગુણ અરજી કરેલ બધી જ કેટેગરી માટે એક સરખા જ ગણવામાં આવશે.

## ૩. સિનિયર ક્લાર્ક અને જુનિયર કલાર્ક માટેની અગત્યની સૂચના :-

(૧) અનામત વર્ગના ઉમેદવારો બિન- અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે.

(૨) ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ સી.આર.આર/૧૦૨૦૦૦/જીઓઆર/ગ-૨ ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફિકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦ -ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)

(૩) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને ભૂમિ (સ્થળ) ની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જબુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

## ૪. રાષ્ટ્રીયતાઃ-

**(૧)** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ - ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

## ૫. વય મર્યાદા:-

૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

૨) ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

(૩) વયમર્યાદામાં છૂટછાટ

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ **મળશે નહી.**

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| આર્થિક રીતે નબળા વર્ગ ના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | મહત્તમ ઉપલી વયમર્યાદા મળવાપાત્ર સરકારશ્રીના નિયમોનુસાર છૂટછાટમળશે. |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને(૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

## ૬.કોમ્પ્યુટની જાણકારી:-

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ **તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબરઃ- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫-થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટરજ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમાં/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા**

પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અથવા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરશે.

## ૭.શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો - ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

## ૮.પરીક્ષા પદ્ધતિ:-

સંસ્થા દ્વારા નિયત સમય મર્યાદામાં રજિસ્ટર્ડ પોસ્ટ/ સ્પીડ પોસ્ટ દ્વારા મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા.૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/૨૦૨૩/૧૫/૦૧૨૫/K મુજબ પરીક્ષા લેવામાં આવશે.

## ૯.તબક્કો -૧ સામાન્ય પ્રારંભિક પરીક્ષા માટે ની પધ્ધતિ સમય: ૬૦ મિનિટ:-

ગ્રુપ-એ (સિનિયર ક્લાર્ક) તથા ગ્રુપ-બી(જુનિયર કલાર્ક) સંયુક્ત પરીક્ષા

| | | |
|---|---|---|
| ૧. | તાર્કિક ક્ષમતા | ૪૦ ગુણ |
| ૨. | પરિમાણાત્મક અભિરૂચિ (**Quantitive Aptitude**) | ૩૦ ગુણ |
| ૩. | અંગ્રેજી | ૧૫ ગુણ |
| ૪. | ગુજરાતી | ૧૫ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

૧. હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (**MCQ**)નો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫. દરેક પ્રશ્નમાં, "પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ)'નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૬. અશકત(દિવ્યાંગ) વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને, લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.

૭. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઇપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૮. પ્રાથમિક કસોટી ફક્ત સ્કિનિગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.

૯. પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબકકાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

૧૦. મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

## ૧૦.તબકકો-૨ - મુખ્ય પરીક્ષા:- સિનિયર કલાર્ક:-

પ્રથમ તબકકાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટી વિભાગના તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા મુજબ ગ્રુપ-**A**માટે વર્ણનાત્મક જયારે ગ્રુપ-**B**માટે પ્રકારના **MCQ** પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

ગ્રુપ-**A**માટે મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ **Appendix-G** મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ પરિશિષ્ઠ ઝ મુજબ રહેશે

**Appendix-G**

| પ્રશ્નપત્ર ક્રમાંક | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી ભાષા કૌશલ | ૧૦૦ | 3 કલાક |
| ૨ | અંગ્રેજી ભાષા કૌશલ | ૧૦૦ | 3 કલાક |
| 3 | સામાન્ય અભ્યાસ | ૧૫૦ | 3 કલાક |
| | કુલ ગુણ | ૩૫૦ | |

નોંધ:

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમાં ધોરણના ગુજરાતી વિષયો (ઉચ્ચતરકક્ષા)ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમાં (૧૨-માં) ધોરણના અંગ્રેજી વિષયો (ઉચ્ચતર કક્ષા)ને સમકક્ષ રહેશે.

3. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમની વિષય-સૂચિ, પરિશિષ્ટ ઝ-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે.

૪. દરેક પ્રશ્નપત્ર માટેનો વિગતવાર અભ્યાસક્રમ, મંડળ અથવા સરકાર ઠરાવે અને જાહેર કરે તે પ્રમાણેનો રહેશે.

૫. મુખ્ય પરીક્ષા માટેના પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારના રહેશે.

૬. અશક્ત(દિવ્યાંગ) વર્ગના હોય તેવા ઉમેદવારોને, પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.

## પરિશિષ્ટ - ઝ

## મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ (ગ્રુપ-એ માટે વર્ણનાત્મક પરીક્ષા)

| પ્રશ્નપત્ર ૧ | ગુજરાતી (મુખ્ય પરીક્ષા) | (વર્ણનાત્મક) |
|---|---|---|
| ગુણ-૧૦૦ | માધ્યમ-ગુજરાતી | સમય-૩ કલાક |

| અનુક્રમાંક | અભ્યાસક્રમની વિગત | ફાળવેલ ગુણ |
|---|---|---|
| ૧. | નિબંધ : ત્રણ પૈકી કોઈપણ એક (આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં)<br>(વર્ણનાત્મક/વિશ્લેષણાત્મક/ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૫ |
| ૨. | વિચાર-વિસ્તાર (બે પૈકી કોઈપણ એક): કાવ્યપંક્તિઓ કે ગદ્યસૂક્તિનો વિચાર-વિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૩. | સંક્ષેપીકરણ : આપેલા ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોનો સંક્ષેપ. | ૧૦ |
| ૪. | ગદ્યસમીક્ષા : આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. | ૧૦ |
| ૫. | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા (આશરે ૧૫૦ શબ્દોમાં). | ૧૦ |
| ૬. | પત્રલેખન (અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં). | ૫ |
| ૭. | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/સાંપ્રત સમસ્યાઓ/વ્યક્તિગત અભિપ્રાય રજૂ કરતું ચર્ચાપત્ર). | ૧૦ |
| ૮. | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં). | ૧૦ |
| ૯. | ભાષાંતર : અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ. | ૧૦ |
| ૧૦. | ગુજરાતી વ્યાકરણ | ૧૦ |
| | સૂચવ્યા મુજબ જવાબ લખો (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહિ.): | |
| | ૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ | |
| | ૨) કહેવતોનો અર્થ | |
| | ૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ | |
| | ૪) છંદ ઓળખાવો | |
| | ૫) અલંકાર ઓળખાવો | |
| | ૬) શબ્દસમૂહ માટે એક શબ્દ | |
| | ૭) જોડણી શુદ્ધિ | |
| | ૮) લેખન શુદ્ધિ/ભાષા શુદ્ધિ | |
| | ૯) સંધિ - જોડો કે છોડો | |
| | ૧૦) વાક્ય રચનાના અંગો/વાક્યના પ્રકાર/વાક્ય પરિવર્તન | |
| | **કુલ** | **૧૦૦** |

| પ્રશ્નપત્ર ૨ | અંગ્રેજી (મુખ્ય પરીક્ષા) | (વર્ણનાત્મક) |
|---|---|---|
| ગુણ-૧૦૦ | માધ્યમ-અંગ્રેજી | સમય-૩ કલાક |

| અનુક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | ફાળવેલ ગુણ |
|---|---|---|
| ૧. | નિબંધ : (ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં) પાંચ વિષયોની યાદીમાંથી કોઇપણ એક વિષય પસંદ કરો:<br>(વર્ણનાત્મક/વિશ્લેષણાત્મક/ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૫ |
| ૨. | પત્રલેખન (આશરે ૧૫૦ શબ્દોમાં) :<br>કોઇ મુદ્દા પર કોઇ વ્યક્તિનો અભિપ્રાય અભિવ્યક્ત કરતો એક ઔપચારિક પત્ર.<br>મુદ્દા દૈનિક કચેરી બાબતો/ કચેરીમાં ઊભી થયેલી કોઇ સમસ્યા/ ઉપરી અધિકારી દ્વારા શોધાયેલા ઉકેલના સમર્થનમાં અભિપ્રાય/ તાજેતરની ઘટના સંબંધિત મુદ્દા-વગેરે સંબંધિત હોઇ શકે છે. | ૧૦ |
| ૩. | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં) :<br>કચેરી કામગીરી/ કાર્યક્રમ/ ફીલ્ડ ટ્રિપ (ક્ષેત્રીય મુલાકાત)/ સરવે પર આધારિત એક અહેવાલ. | ૧૦ |
| ૪. | ¼શ્ય (વિઝ્યુઅલ) માહિતી પર લેખન (આશરે ૧૫૦ શબ્દોમાં) : ગ્રાફ/આકૃતિ/ફ્લો ચાર્ટ/ટેબલ ઓફ કમ્પૅરિઝન/સાદી આંકડાકીય માહિતી-વગેરે પર આધારિત એક અહેવાલ. | ૧૦ |
| ૫. | ઔપચારિક પ્રવચન (નિવેદન) (આશરે ૧૫૦ શબ્દોમાં) :<br>ઔપચારિક કામગીરીમાં વાંચવાનું થતું હોય તેવું પ્રવચન. તે કોઇ ઉદ્દઘાટન પ્રવચન, કોઇ શૈક્ષણિક સેમિનાર/ કોન્ફરન્સ (પરિષદ), કોઇ મહત્વનો ઔપચારિક પ્રસંગ-વગેરે હોઇ શકે. | ૫ |
| ૬. | સંક્ષેપલેખન : ૩૦૦ શબ્દોના ગદ્યખંડમાંથી આશરે ૧૦૦ શબ્દોમાં સંક્ષેપલેખન. | ૧૦*૨=૨૦ |
| ૭. | ગદ્યસમીક્ષા : (ગદ્ય) વાંચન માટે આશરે ૨૫૦ શબ્દોનો ગદ્યખંડ આપવામાં આવશે જેની નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપવાના રહેશે. | ૧૦ |
| ૮. | અંગ્રેજી વ્યાકરણ :<br>ક. કાળ (Tenses)<br>ખ. વૉઇસ<br>ગ. નૅરેશન (ડાયરેક્ટ-ઈનડાયરેક્ટ)<br>ઘ. વાક્ય પરિવર્તન<br>ચ. આર્ટિકલ્સ અને ડિટર્મિનર્સ-નો ઉપયોગ<br>છ. સર્વનામોનો ઉપયોગ<br>જ. શબ્દસમૂહો (ફ્રેઝલ વર્બ્સ)નો ઉપયોગ<br>ઝ. રૂઢિપ્રયોગોનો ઉપયોગ<br>ટ. વહીવટી શબ્દભંડોળ<br>ઠ. સમાનાર્થી/વિરોધી<br>ડ. શબ્દસમૂહ માટે એક શબ્દ<br>ઢ. કોહીસિવ ડિવાઈસીસ/કનેક્ટિવ્સ/લિંકર્સ (સંયોજકો)<br>ત. ઉપસર્ગો (અફિક્સીસ)<br>થ. હોમોનિમ્સ/હોમોફોન્સ (સમુચ્ચયો)-જેવા ગૂંચવાળો કરતા હોય તેવા શબ્દો. | ૧૦ |
| ૯. | ભાષાંતર : (આશરે ૧૫૦ શબ્દોના) ટૂંકા ગદ્યખંડનું ગુજરાતી અથવા અંગ્રેજીમાંથી ભાષાંતર. | ૧૦ |
| | **કુલ** | **૧૦૦** |

| પ્રશ્નપત્ર ૩ | સામાન્ય અભ્યાસ (મુખ્ય પરીક્ષા) | (વર્ણાત્મક) |
|---|---|---|
| ગુણ: ૧૫૦ | માધ્યમ- ગુજરાતી | સમય-૩ કલાક |

(ક) ભારતનો ઇતિહાસ

૧. સિંધુ ખીણની સભ્યતા: લાક્ષણિકતાઓ, સ્થળો, સમાજ, સાંસ્કૃતિક ઇતિહાસ, કળા અને ધર્મ, સિંધુ ખીણની સભ્યતા અને ગુજરાતનો વૈદિક યુગ- જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ, નંદ વંશ.

૨. મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્ય.

૩. વિજયનગર વંશ અને દક્ષિણ ભારતના મહત્વના વંશો.

૪. ગુજરાતના મુખ્ય રાજવંશો- તેમના વહીવટી તંત્ર, કળા, સ્થાપત્ય, સાહિત્ય, વિજ્ઞાન અને ટેકનોલોજી.

૫. શૈક્ષણિક સંસ્થાઓ: તક્ષશિલા, નાલંદા અને વલભી.

૬. ભારતમાં યુરોપિયનોનું આગમન, ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યનું સ્થાપન અને વિસ્તરણ સન ૧૭૫૭થી સન ૧૮૫૬, જમીન મહેસૂલ પદ્ધતિ, કાયમી જમાબંધી, રૈયતવારી અને મહાલવારી, શિક્ષણ પદ્ધતિ.

૭. ભારતનો ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ: ૧૯મી સદીમાં ભારત અને ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક સુધારા આંદોલનો, ભારતમાં રાષ્ટ્રવાદના ઉદય માટે જવાબદાર પરિબળો, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ.

૮. રાષ્ટ્રીય ફલક પર મહાત્મા ગાંધીનો ઉદય અને તેમના વિચાર, સિંદ્ધાતો અને જીવન-દર્શનનો ભારતના રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવન પર પ્રભાવ.

૯. સ્વતંત્રતા ચળવળ અને સ્વાતંત્ર્યોત્તર એકીકરણમાં સરદાર પટેલની ભૂમિકા.

૧૦. ભારત અને વિદેશમાં ભારતીય ક્રાંતિકારીઓ, આઝાદ હિંદ ફોજ અને સુભાષચંદ્ર બોઝ.

૧૧. આઝાદી પછીનું ભારત: દેશમાં રાજ્યોનું પુનર્ગઠન, મહાગુજરાત ચળવળ, મહત્વની ઘટનાઓ.

(ખ) સાંસ્કૃતિક વારસો

૧. પ્રાચીનથી કાળગ્રસ્ત સમય સુધીની ભારતીય સંસ્કૃતિની મુખ્ય લાક્ષણિકતાઓ અને તેના કળાસ્વરૂપો, સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્ય: ભારતીય સમાજની મુખ્ય લાક્ષણિકતાઓ

૨. ભારતીય સિનેમા અને રંગભૂમિ તથા સમાજ પર તેનો પ્રભાવ.

૩. ગુજરાતની કળા અને હસ્તકલા.

૪. ગુજરાતી રંગભૂમિ.

૫. ગુજરાતની લોક સંસ્કૃતિ અને મૌખિક પરંપરા: તેનું મહત્વ, વિશેષતાઓ અને અસરો.

૬. ગુજરાતની તટવર્તી સંસ્કૃતિ અને આદિજાતી સંસ્કૃતિ.

(ગ) ભૂગોળ

૧. ગુજરાત અને ભારતના ભૌતિક લક્ષણો અને સંશાધનોનો અભ્યાસ: મુખ્ય ભૂમિ સ્વરૂપો, આબોહવા, જમીન, ખડકો, નદીઓ, જળાશયો, વનસ્પતિ સૃષ્ટિ, ખનીજો અને જળ સંશાધનો.

૨. આર્થિક ઇતિહાસ: પ્રાથમિક, ત્રીજો તબક્કો, ચોથો તબક્કો

૩. સામાજિક અને વસ્તી વિષયક ભૂગોળ.

૪. વિકાસ સંબંધિત અને પર્યાવરણલક્ષી મુદ્દાઓ, સાતત્યપૂર્ણ વિકાસ, વૈશ્વિકરણ: તેના સામાજિક અને આર્થિક પ્રભાવો, સ્માર્ટ સિટી અને ઉકેલો. કુદરતી આપત્તિ, કાર્બન ઉત્કર્ષણ, પ્રદૂષણ આપત્તિ વ્યવસ્થાપન. ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણલક્ષી અધોગતિની સમસ્યા સામે વૈશ્વિક પ્રતિક્રિયા. મહત્વપૂર્ણ સંધી અને કરાર.

(ઘ) વિજ્ઞાન અને ટેકનોલોજી

૧. એકીકૃત વિજ્ઞાન, વધુ સારા માનવ જીવન માટે ટેકનોલોજી અને નવીનીકરણ, રોજબરોજના જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી; વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતનું યોગદાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના અમલીકરણ અને ફેલાવા આડે આવતા પડકારો અને અવરોધો, રાષ્ટ્રનિર્માણમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા અને તક.

૨. ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઈસીટી): તેનું મહત્ત્વ, ફાયદા અને પડકારો, ઈ-ગવર્નન્સ અને ભારત સંબંધિત નીતિઓ, સાઈબરક્રાઈમ અને સાઈબર સિક્યોરિટી.

૩. ભારતનો સ્પેસ પ્રોગ્રામ-ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય. ભારતની ઉર્જા નીતિ અને પરમાણુ નીતિ. સૈન્ય સેવાઓમાં ટેકનોલોજીનું મહત્વ, ફાયદા અને પડકારો.

૪. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતીયોની સિદ્ધી. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં બૌદ્ધિક મિલકતના અધિકાર સંબંધિત બાબતો.

(ચ) મહત્ત્વની પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.

(છ) ભારતીય રાજ્ય વ્યવસ્થા અને સંવિધાન.

૧. ભારતનું સંવિધાન અને તેની મુખ્ય લાક્ષણિકતા.

૨. ભારતની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના કાર્યો અને ફરજો.

૩. સમવાયતંત્રને લગતી બાબતો અને પડકારો-રાજ્યોમાં રાજ્યપાલની ભૂમિકા.

૪. કેન્દ્ર અને રાજ્ય સરકારો (સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદી) વચ્ચે સત્તાની વહેંચણી, મુદ્દા અને પડકારો.

૫. મહત્વના સંવૈધાનિક સુધારા.

૬. બંધારણીય સંસ્થાઓ અને તેમની ભૂમિકા.

૭. સંસદ અને રાજ્ય વિધાન મંડળ-માળખું, કાર્યો, પ્રસાશન, સત્તા અને ખાસ હકૂમતો અને સંબંધિત બાબતો.

૮. ભારતમાં ન્યાયતંત્ર-માળખું અને કાર્યો, કટોકટીને લગતી અગત્યની જોગવાઈઓ અને સંવૈધાનિક સુધારાઓ, અદાલતી સમીક્ષા, જાહેર અરજી.

(જ) જાહેર વહીવટ અને શાસન.

૧. જાહેર વહીવટનો અર્થ, પ્રકાર અને તક. ભારતમાં ઉત્ક્રાંતિ, બ્રિટિશ શાસનનો વારસો.

૨. લોકશાહીમાં મુલકી સેવાની ભૂમિકા.

૩. સરકારી નીતિઓ અને મધ્યસ્થી, જુદાજુદા ક્ષેત્રોના વિકાસને સંબંધિત અમલીકરણના મુદ્દા અને સમસ્યાઓ.

૪. વિકાસ પ્રક્રિયા-નાગરીક સમાજની ભૂમિકા, બિન-સરકારી સંગઠનો અને અન્ય હિતધારકો, સ્ટેચ્યૂટરી (કાનૂની), નિયમનકારી અને જુદાજુદા અર્ધ-અદાલતી મંડળો.

૫. સારું શાસન અને ઈ-ગવર્નન્સ-શાસનમાં પારદર્શિતા, ઉત્તરદાયિત્વ અને સંવેદનશીલતા, અધિકાર-પત્ર, માહિતીનો અધિકાર, જાહેર સેવા અધિનિયમ અને આ સરવે, સામાજિક સંશોધનના સૂચિતાર્થો તથા તેનું મહત્ત્વ.

૬. અધિકારને લગતી બાબતો (માનવ અધિકાર, મહિલા અધિકાર, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓના અધિકારો, બાળકોના અધિકારો) વગેરે.

૭. અગત્યની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, એજન્સીઓ, જુદાજુદા સંગઠનો અને તેના માળખાં.

(ઝ) જાહેર સેવામાં શિસ્ત.

૧. નીતિશાસ્ત્ર અને માનવ સંવાદ: સાર, નિર્ધારકો અને સૂચિતાર્થ/ માનવ વ્યવહારો પર અસરો, પરિણામો: નીતિશાસ્ત્રના પરિમાણો, વ્યક્તિગત અને જાહેર સંબંધોમાં નીતિશાસ્ત્ર, જાહેર સેવાઓમાં નીતિશાસ્ત્ર, સત્યનિષ્ઠા અને ઉત્તરદાયિત્વ- માહિતી અધિકાર અધિનિયમ, જાહેર સેવાઓ અધિનિયમ અને તેના સૂચિતાર્થ.

૨. વલણ, મૂળ તત્વો, કાર્યો; વિચારો અને વ્યવહાર પર તેની અસરો/ વ્યવહાર અને સંબંધો, ચારિત્ર્ય અને રાજનૈતિક વલણો; સામાજિક પ્રભાવ અને સમજાવટ/ઉત્તેજનની ભૂમિકા.

૩. ભાવનાત્મક બુદ્ધિમતા: વિભાવના, વહીવટ અને શાસનમાં તેની ઉપયોગિતા અને અમલ.

૪. માનવ મૂલ્યો: નાગરીકોને મૂલ્યોનું શિક્ષણ આપવામાં પરિવાર, સમાજ અને શૈક્ષણિક મુદ્દાઓની ભૂમિકા.

૫. નીતિશાસ્ત્ર સંબંધિત બાબતો અને પડકારો- ભ્રષ્ટાચાર વિરોધી તંત્ર, લોકપાલ, લોકાયુક્ત.

૬. ઉપરોક્ત ક્રમાંકો (૧-૫)ને લગતી બાબતોનો કેસ સ્ટડી.

ભારતીય અર્થતંત્ર અને આયોજન

૧. ભારતીય અર્થતંત્ર: ભારતમાં આયોજન કામગીરીનો ઉદભવ અને વિકાસ. કેન્દ્ર અને રાજ્ય સરકારોની આર્થિક કામગીરી, કેન્દ્ર અને રાજ્ય સરકારનો આર્થિક દેખાવ, ગતિશીલતા, પડકારો, નવી પહેલો, સુધારા વગેરે. અગત્યની ઘટનાઓ, પ્રગતિ અને સામાજિક ક્ષેત્રની પહેલ. નીતિ આયોગ, હેતુઓ, રચના અને કાર્યો. સામાજિક ઓડિટ, કૃષિ, ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર.

૨. ફાઈનાન્સ અને બેન્કિંગ માટે નિયમનકારી માળખું: વિભાવના, માળખું અને ભૂમિકા. નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિ.

૩. ભારતીય જાહેર નાણા વ્યવસ્થા: ભારતીય વેરા પદ્ધતિ, જાહેર ખર્ચ, જાહેર દેવું, ભારતીય અર્થતંત્રમાં ખાદ્ય અને સહાય, કેન્દ્ર અને રાજ્યના રાજકોષીય સંબંધો. અર્થતંત્રના જુદા-જુદા સૂચકાંકો, જાહેર વહીવટમાં સંકળાયેલી ભારતની મહત્વપૂર્ણ સંસ્થાઓ.

૪. ગ્રામ્ય વિકાસ અને ગ્રામ્ય અર્થતંત્ર: પડકારો અને નીતિઓ. ભારતમાં રોજગાર નીતિ/યોજનાઓ.

૫. બાહ્ય ક્ષેત્ર: વિદેશી વ્યાપારના વલણો, માળખું અને દિશા. બાહ્ય ક્ષેત્રમાં સુધારા. વિદેશી સંસ્થાગત રોકાણકારો (એફઆઈઆઈ) અને વિદેશી સીધું રોકાણ (એફડીઆઈ).

૬. ગુજરાતનું અર્થતંત્ર: એક અવલોકન; ભારત અને અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતના અર્થતંત્ર, આર્થિક અને સામાજિક માળખાની વિકાસ નીતિ; ગુજરાતમાં સહકારી ચળવળ અને જીવનના સામાજિક-આર્થિક પાસાં પર તેનો પ્રભાવ.

૭. માળખું: ઉર્જા, બંદરો, માર્ગ, એરપોર્ટ, રેલવે, ટેલીકોમ્યુનિકેશન, સામાજિક પ્રભાવ મૂલ્યાંકન.

## ૧૧.ભાગ-૨ - મુખ્ય પરીક્ષા :- જુનિયર ક્લાર્ક:-

ભાગ ૨: મુખ્ય પરીક્ષા માટેનો અભ્યાસક્રમ ૨૦૦ ગુણ સમય: ૧૨૦ મિનિટ

| | | |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૨૦ ગુણ |
| ૨ | ગુજરાતી | ૨૦ ગુણ |
| ૩ | રાજ્યશાસ્ત્ર/ જાહેર વહીવટ આરટીઆઈ (માહિતિનો અધિકાર અધિનિયમ)સીપીએસ/પીસીએ | ૩૦ ગુણ |
| ૪ | ઇતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો | ૩૦ ગુણ |
| ૫ | અર્થશાસ્ત્ર, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી | ૩૦ ગુણ |
| ૬ | વર્તમાન બાબતો અને રીઝનિંગ સાથે વર્તમાન બાબતો | ૩૦ ગુણ |
| ૭ | રીઝનિંગ (તર્ક) | ૪૦ ગુણ |
| | કુલ | ૨૦૦ ગુણ |

૧. હેતુલક્ષી પ્રકારની મુખ્ય પરીક્ષામાં, બહુવિધ વિકલ્પવાળા (મલ્ટીપલ ચોઈસ) પ્રશ્નોનો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫. દરેક પ્રશ્નમાં, “પ્રયાસ નહિ કરેલ (નોટ એટેમ્પ્ટેડ)"નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય,તો તે/તેણી આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૬. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો પછી, તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૭. અશક્ત(દિવ્યાંગ) વર્ગના હોય તેવા ઉમેદવારોને, પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.

૮. દરેક પ્રશ્નપત્રનો વિસ્તૃત અભ્યાસક્રમ, બોર્ડ/મંડળ અથવા સરકાર ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

## ૧૨.લઘુત્તમ લાયકી ધોરણ:-

પ્રારંભિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે.

ઉમેદવારે પ્રત્યેક તબકકાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**)કોઈ પણ સંજોગોમાં નકકી કરી શકાશે નહીં.

## ૧૩.પગાર ધોરણ:-

નાણાં વિભાગનાતા ૧૬/૦૨/૨૦૧૬ ના તથા તા.૨૯/૦૪/૨૦૧૦ અને તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-૩-૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ-1 તથા છેલ્લે નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખચર-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વવે પ્રથમપાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ. ૫ અને નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨-૫૭(પાર્ટ-3)/ ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

## ૧૪.સામાન્ય સૂચનાઓ:-

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેનાપુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

(૨) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો રજુ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

(3) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે. કપડવંજ કોલેજની વેબસાઈટ: **(1) https://kpdjac.org** **(2) https://kkmtrust.org** અચૂક જોતા રહેવું.

(૪) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ "રદ" કરી શકશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી /નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક/મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે "રદ" કરવામાં આવશે.

(૫) મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૬) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૭) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૮) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતોવખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.

(૯) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

(૧૦) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૧) ન્યાય અધિકાર ક્ષેત્ર **કપડવંજ** રહેશે.

**આચાર્યશ્રી**
શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજ

**મંત્રીશ્રી,**
કપડવંજ કેળવણી મંડળ

**તારીખ: ૨૮/૧૦/૨૦૨૫**
**સ્થળ: કપડવંજ**

# કપડવંજ કેળવણી મંડળ સંચાલિત
# શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજ

## અરજી કરનારાં માટે અગત્યની સૂચનાઓ

૧. જુનિયર ક્લાર્ક/સિનિયર ક્લાર્ક બંને પોસ્ટ માટે આવેદન કરવા ઇચ્છતાં હોય તેવા ઉમેદવારોએ અલગ અલગ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

૨. જુનિયર ક્લાર્ક/ સિનિયર ક્લાર્ક બંને માટે પોતાના સરનામાવાળા ₹40 ની ટપાલ ટિકિટ સાથેના જુદા-જુદા કવર તેમજ જરૂરી ડિમાન્ડ ડ્રાફ્ટ પણ જુદા જુદા મોકલવાના રહેશે.

# સિનિયર ક્લાર્કનું અરજીપત્રક

(આ અરજીપત્રકની તમામ વિગતો ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં ભરવાની રહેશે. અહીં આપેલ માહિતી ખાનગી રાખવામાં આવશે.)

પ્રતિ,
મંત્રીશ્રી,
કપડવંજ કેળવણી મંડળ
એસ.સી.દાણી કેમ્પસ, ડાકોર રોડ,
કપડવંજ – ૩૮૭૬૨૦

તાજેતર નો
પાસપોર્ટ સાઈઝ
નો ફોટો
ચોટાડવો

વિષય : કપડવણજ કેળવણી મંડળ, કપડવંજ સંચાલિત શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કૉમર્સ કૉલેજ, ખાતે સિનિયર કલાર્કની જગ્યા ઉપર ઉમેદવારી નોંધાવા માટેની અરજી.

આદરણીયશ્રી,

સવિનય ઉપર્યુક્ત વિષયના અનુસંધાનમાં______________દૈનિક સમાચારપત્રમાં તારીખ:___________ના રોજ પ્રસિધ્ધ થયેલ સિનિયર કલાર્ક ભરતીની જાહેરાતના અનુસંધાનમાં હું ઉપર્યુક્ત જગ્યા માટે અરજી કરું છું. મારી વિગતો નીચે મુજબ છે.

૦૧) સામાન્ય માહિતી :

નામ :____________________________________________________________

(અટક) (નામ) (પિતા / પતિનું નામ)

હાલનું સરનામું :____________________________________________________

____________________________________________________

કાયમી સરનામું :____________________________________________________

____________________________________________________

જન્મ તારીખ :___/___/_______ પરણિત / અપરણિત :________________________

કેટેગરી :____________________ (એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., જનરલ)

વિકલાંગતા : હા/ના જો હા તો ટૂંકી વિગત :______________________________

મોબાઈલ નંબર :________________ વોટ્સ એપ મોબાઇલ નંબર:____________________

ઈ-મેઈલ____________________________________________________________

ભાષા અંગેની જાણકારી: English ☐ ગુજરાતી ☐ હિન્દી ☐

જાતિ: પુરુષ ☐ સ્ત્રી ☐ અન્ય ☐ લેખિત પરીક્ષામાં ઉત્તરવહિની ભાષા : ગુજરાતી

૦૨) શૈક્ષણિક લાયકાત :

| ડીગ્રી | બોર્ડ / યુનિવર્સિટી | માસ – વર્ષ | મેળવેલ ગુણ/ કુલ ગુણ | ટકા |
|---|---|---|---|---|
| ધોરણ - ૧૦ | | | | |
| ધોરણ - ૧૨ | | | | |
| સ્નાતક | | | | |
| અનુસ્નાતક | | | | |
| અન્ય | | | | |
| | | | | |

૦૩) અનુભવ :

| ક્રમ | અનુભવનું સ્થળ (સંસ્થાનું નામ) | હોદ્દો | ફરજનો સમયગાળો | કુલ વર્ષ / માસ | છેલ્લો પગાર |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

* અનુભવના પ્રમાણપત્રો જોડવાના રહેશે.

૦૪) અન્ય વિશિષ્ટ લાયકાત / વિશેષ સિદ્ધિ / સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ : (પ્રમાણપત્રો જોડવા)

૦૧)______________________________

૦૨)______________________________

૦૩)______________________________

૦૪)______________________________

૦૫) નોકરી દરમિયાન કોઈ ખાતાકીય તપાસ થયેલ છે ? હા / ના ( જો હા તો પૂરી વિગત જણાવો)

______________________________

૦૬) શારીરિક સ્વાસ્થ્ય અંગેની વિગત :

કોઈ પણ પ્રકારની/ બીમારી / ઓપરેશન / હાલમાં ચાલતી સારવાર: (જો હોય તો વિગત જણાવો)

______________________________

૦૭) રેફરન્સ : (નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર, ઈ-મેઈલ સાથે અચૂક આપવા.)

૦૧)______________ ૦૨)______________

______________ ______________

______________ ______________

૦૮) છેલ્લે બજાવેલ ફરજ સ્થળની સંપૂર્ણ વિગત (નામ, સરનામું, કોન્ટેક્ટ, નંબર ઈ-મેઈલ, HR Contact)

______________________________

______________________________

૦૯) હાલ નોકરી કરતા હોય તે સંસ્થા / કચેરીના વડાનું NOC જોડેલ છે. ........... (હા/ના)

ઉપર જણાવેલ તમામ વિગતો / માહિતી સાચી છે. ખોટી માહિતી દર્શાવવી એ ગુનો બને છે અને તેમ સાબિત થતા કરેલ અરજી રદ ગણાશે તે હું જાણું છું. મે કપડવંજ કેળવણી મંડળ શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કૉમર્સ કૉલેજ,ની વેબસાઇટ પર મુકવામાં આવેલ ભરતી અંગેના નીતિ - નિયમો વાંચ્યા છે મારી અરજી ગ્રાહ્ય રાખવા વિનંતી છે.

આભાર સહ.... આપનો / આપની વિશ્વાસુ.

(સહી)

તારીખ.______________

**બીડાણ .: (લાગુ પડતું હોય તેમાં ની નિશાની કરવી.)**

૦૧) L.C. ની સ્વપ્રમાણિત નકલ ૦૨) આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડની સ્વપ્રમાણિત નકલ

૦૩) પસાર કરેલ તમામ પરીક્ષાઓના ગુણ પત્રકોની સ્વપ્રમાણિત નકલ (ધોરણ ૧૦ થી તમામ)

૦૪) કોમ્પ્યુટરની જાણકારી માટે જરૂરી પ્રમાણપત્રની નકલ

૦૫) અન્ય લાયકાતની સ્વપ્રમાણિત નકલ ૦૬) અનુભવનું પ્રમાણપત્ર

૦૭) છેલ્લી પે સ્લીપ ની પ્રમાણિત નકલ ૦૮) નોન ક્રીમીલેયર સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ

(૯) પોતાના સરનામાવાળુ ૯ ' X ૪ ' ઇંચનું ખાલી કવર રૂ.૪૦/- ની ટપાલ ટીકીટ લગાવી

(૧૦) ડિમાન્ડ ડ્રાફ્ટની વિગત

# <u>જુનિયર ક્લાર્કનું અરજીપત્રક</u>

(આ અરજીપત્રકની તમામ વિગતો ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં ભરવાની રહેશે. અહીં આપેલ માહિતી ખાનગી રાખવામાં આવશે.)

પ્રતિ,
મંત્રીશ્રી,
કપડવંજ કેળવણી મંડળ
એસ.સી.દાણી કેમ્પસ, ડાકોર રોડ,
કપડવંજ – ૩૮૭૬૨૦

| તાજેતર નો પાસપોર્ટ સાઈઝ નો ફોટો ચોટાડવો |
|---|

વિષય : <u>કપડવણજ કેળવણી મંડળ, કપડવંજ સંચાલિત શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કૉમર્સ કૉલેજ, ખાતે જુનિયર કલાર્કની જગ્યા ઉપર ઉમેદવારી નોંધાવા માટેની અરજી</u>.

આદરણીયશ્રી,

સવિનય ઉપર્યુક્ત વિષયના અનુસંધાનમાં_______________દૈનિક સમાચારપત્રમાં તારીખ:____________ના રોજ પ્રસિધ્ધ થયેલ જુનિયર કલાર્ક ભરતીની જાહેરાતના અનુસંધાનમાં હું ઉપર્યુક્ત જગ્યા માટે અરજી કરું છું. મારી વિગતો નીચે મુજબ છે.

૦૧) સામાન્ય માહિતી :

નામ :________________________________________________

(અટક) (નામ) (પિતા / પતિનું નામ)

હાલનું સરનામું :________________________________________

________________________________________

કાયમી સરનામું :________________________________________

________________________________________

જન્મ તારીખ :____/____/__________ પરણિત / અપરણિત :______________________

કેટેગરી :________________________ (એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., જનરલ)

વિકલાંગતા : હા/ના જો હા તો ટૂંકી વિગત :______________________________

મોબાઈલ નંબર :____________________ વોટ્સ એપ મોબાઇલ નંબર:____________________

ઈ-મેઈલ________________________________________________

ભાષા અંગેની જાણકારી: English ☐ ગુજરાતી ☐ હિન્દી ☐

જાતિ: પુરુષ ☐ સ્ત્રી ☐ અન્ય ☐ લેખિત પરીક્ષામાં ઉત્તરવહિની ભાષા : <u>ગુજરાતી</u>

૦૨) શૈક્ષણિક લાયકાત :

| ડીગ્રી | બોર્ડ / યુનિવર્સિટી | માસ – વર્ષ | મેળવેલ ગુણ/ કુલ ગુણ | ટકા |
|---|---|---|---|---|
| ધોરણ - ૧૦ | | | | |
| ધોરણ - ૧૨ | | | | |
| સ્નાતક | | | | |
| અનુસ્નાતક | | | | |
| અન્ય | | | | |
| | | | | |

૦૩) અનુભવ :

| ક્રમ | અનુભવનું સ્થળ (સંસ્થાનું નામ) | હોદ્દો | ફરજનો સમયગાળો | કુલ વર્ષ / માસ | છેલ્લો પગાર |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

* અનુભવના પ્રમાણપત્રો જોડવાના રહેશે.

૦૪) અન્ય વિશિષ્ટ લાયકાત / વિશેષ સિદ્ધિ / સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ : (પ્રમાણપત્રો જોડવા)

૦૧) ____________________

૦૨) ____________________

૦૩) ____________________

૦૪) ____________________

૦૫) નોકરી દરમિયાન કોઈ ખાતાકીય તપાસ થયેલ છે ? હા / ના ( જો હા તો પૂરી વિગત જણાવો)

____________________

૦૬) શારીરિક સ્વાસ્થ્ય અંગેની વિગત :

કોઈ પણ પ્રકારની/ બીમારી / ઓપરેશન / હાલમાં ચાલતી સારવાર: (જો હોય તો વિગત જણાવો)

____________________

૦૭) રેફરન્સ : (નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર, ઈ-મેઈલ સાથે અચૂક આપવા.)

૦૧) ____________________ ૦૨) ____________________

____________________ ____________________

____________________ ____________________

૦૮) છેલ્લે બજાવેલ ફરજ સ્થળની સંપૂર્ણ વિગત (નામ, સરનામું, કોન્ટેક્ટ, નંબર ઈ-મેઈલ, HR Contact)

____________________

____________________

૦૯) હાલ નોકરી કરતા હોય તે સંસ્થા / કચેરીના વડાનું NOC જોડેલ છે. ........... (હા/ના)

ઉપર જણાવેલ તમામ વિગતો / માહિતી સાચી છે. ખોટી માહિતી દર્શાવવી એ ગુનો બને છે અને તેમ સાબિત થતા કરેલ અરજી રદ ગણાશે તે હું જાણું છું. મે કપડવંજ કેળવણી મંડળ શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કૉમર્સ કૉલેજ,ની વેબસાઇટ પર મુકવામાં આવેલ ભરતી અંગેના નીતિ - નિયમો વાંચ્યા છે મારી અરજી ગ્રાહ્ય રાખવા વિનંતી છે.

આભાર સહ.... આપનો / આપની વિશ્વાસુ.

(સહી)

તારીખ.____________

**બીડાણ .: (લાગુ પડતું હોય તેમાં ની નિશાની કરવી.)**

૦૧) L.C. ની સ્વપ્રમાણિત નકલ ૦૨) આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડની સ્વપ્રમાણિત નકલ

૦૩) પસાર કરેલ તમામ પરીક્ષાઓના ગુણ પત્રકોની સ્વપ્રમાણિત નકલ (ધોરણ ૧૦ થી તમામ)

૦૪) કોમ્પ્યુટરની જાણકારી માટે જરૂરી પ્રમાણપત્રની નકલ

૦૫) અન્ય લાયકાતની સ્વપ્રમાણિત નકલ ૦૬) અનુભવનું પ્રમાણપત્ર

૦૭) છેલ્લી પે સ્લીપ ની પ્રમાણિત નકલ ૦૮) નોન ક્રીમીલેયર સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ

(૯) પોતાના સરનામાવાળુ ૯ ' X ૪ ' ઇંચનું ખાલી કવર રૂ.૪૦/- ની ટપાલ ટીકીટ લગાવી

(૧૦) ડિમાન્ડ ડ્રાફ્ટની વિગત